ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



રેખાબેન વિષ્ણુભાઈ સાધુ
મો. ૯૮૯૮૦ ૨૧૬૨૭



રેખાબેન વિષ્ણુભાઈ સાધુ
મો. ૯૮૯૮૦ ૨૧૬૨૭



રેખાબેન વિષ્ણુભાઈ સાધુ
મો. ૯૮૯૮૦ ૨૧૬૨૭

### પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ ખાતે

# કલા તાલીમ શિબિરનો આરંભ





વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નશીલ પ્રેરણા વિદ્યાલય અને નગરની કલાસંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા કલા તાલીમ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ ખાતે ગુરુવારથી આરંભાયેલી આ કલા તાલીમ શિબિર ૨૯ એપ્રિલ સુધી આ શિબિર કાયમ રહેશે અને ૩૦મીએ શિબિરાર્થીઓને કલા પ્રદર્શન માટે સ્ટેજ પૂરું પાડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સર્જનશીલ બાળકો-યુવાનો વૅકેશનના સમયનો સદુપયોગ કરી શકે અને પોતાની પસંદગીની કલાની વ્યવસ્થિત તાલીમ મેળવી કલાભિમુખ બની શકે તે હેતુથી નગરના રજિ. ચેરીટેબલ ટ્રસ્ટ જી ઈ ક્લબ દ્વારા વર્ષ ૧૯૯૯થી કલા તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવે છે, જેમાં પ્રતિ વર્ષ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ભાગ લે છે. છેલ્લાં ત્રણ વર્ષથી પ્રેરણા વિદ્યાલય પણ આ સર્જનશીલ અભિગમમાં જોડાઈ છે અને હવે બંને સંસ્થાઓએ સાથે મળીને પ્રતિવર્ષ સફળતાપૂર્વક કલા તાલીમ શિબિરનું આયોજન કરે છે. કરાટે, વેસ્ટર્ન ડાન્સ, ડ્રોઈંગ, મહેંદીકલા અને પર્સનાલિટી ડેવલપમૅન્ટ જેવી કલાની તાલીમ તાલીમાર્થીઓ પ્રાપ્ત કરી રહ્યા છે.

## ડાયરેક્ટ ❤ સે

માણસોનું પણ કેવું ?
સંબંધ હોય
ત્યાં સુધી ફકરામાં
ન હોય
ત્યારે હાંસિયામાં !

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક



સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ દ્વારા સૅક્ટર-૨૮માં સ્થિત હરિવંદન ફ્લેટ્સ ખાતે તેજ આઈ સૅન્ટરના સહયોગથી નિઃશુલ્ક આઈ ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૩૩ જેટલાં સ્થાનિક રહીશોએ આ કૅમ્પનો લાભ લઈ પોતાની આંખોનું ચૅક-અપ કરાવ્યું હતું.




ગાંધીનગર શહેરના સૅક્ટર-૧૪ના રહેવાસી અને વોઈસ ઓફ ગાંધીનગર અખબારના પત્રકાર ગુલાબચંદ એન પટેલને સમતા ઍજ્યુકેશન ટ્રસ્ટ, મોટેરા દ્વારા આયોજિત 'ભીમકથા' અને તેજસ્વી તારલા, નિવૃત્ત કર્મચારીઓ, નવનિયુક્ત સરકારી પદાધિકારીઓના સન્માન સમારોહ અંતર્ગત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-3**
સ્મર્ફ્સ (હિન્દી, ૩ડી)
૬.૧૫
ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ-૮ (હિન્દી, ૩ડી)
૧.૧૫, ૩.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ-૮ (અંગ્રેજી, ૩ડી)
૮.૦૦
સ્મર્ફ્સ (અંગ્રેજી, ૩ડી)
૧૧.૩૦

**સ્ક્રીન-૪**
નૂર
સવારે ૧૦.૦૦
માતૃ
૧.૦૦, ૪.૦૦, ૯.૪૫
બેગમ જાન
૭.૦૦

**સ્ક્રીન-૫**
નૂર
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

### ગાંધીનગરની બીબીએ કૉલેજ દ્વારા

# ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન અને જૉબ પ્લેસમૅન્ટ ડ્રાઈવ





ગાંધીનગર, તા. ૨૦

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝનેસ ઍડમીનીસ્ટ્રેશન દ્વારા ભૂતપુર્વ વિદ્યાર્થીઓના સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જૉબ પ્લેસમૅન્ટ માટે ભારતની નામાંકિત ૧૨ જેટલી કંપનીઓએ ભાગ લીધો હતો અને વાર્ષિક ૬ લાખ રૂપિયા સુધીનું પૅકેજ વિદ્યાર્થીઓને ઑફર કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ સરખેજ-ગાંધીનગર હાઈવે પર ખોરજ ખાતે સ્થિત શ્રી અતિથી ઢાબા ખાતે યોજાયો હતો. જેમાં ૩૫૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કૉલેજનાં સ્થાપના વર્ષ ૧૯૯૯ થી લઈ અને ગત વર્ષે ઉતીર્ણ થનાર તમામ બેચના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કૉલેજના આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિએ ઉપસ્થિત તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્વાગત કરી વિદ્યાર્થીઓને કડી સર્વ વિશ્વવિદ્યાલય તેમજ કૉલેજની સ્થાપનાથી લઈ આજ સુધીની સિદ્ધિઓથી વાકેફ કર્યા હતા અને જણાવ્યું હતુ કે આ ગુજરાતની એકમાત્ર કૉલેજ છે, જે ૧૫ વર્ષ પહેલાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ સાથે આટલા મોટા પ્રમાણમાં સંપર્કમાં છે.

કૉલેજનાં સિનિયર અધ્યાપક તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને કૉલેજ દ્વારા વર્ષ દરમ્યાન વિદ્યાર્થી વિકાસની પ્રવૃતિઓનો ખ્યાલ આપવામાં આવ્યો હતો. તેમણે આ જૉબ ફેરમાં ભાગ લીધેલી ૧૨ કંપનીઓના પ્રતિનિધિઓને આવકારી કંપનીઓ વિષેની માહિતી આપી હતી તેમજ તેમના દ્વારા ઓફર કરવા માં આવેલ વિવિધ પ્રોફાઈલ તેમજ વાર્ષિક પૅકેજ વિષે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે કૉલેજ દ્વારા કંટીન્યૂઅસ અલ્યૂમની ઈન્ટેરેક્ષન કૉન્સેપ્ટ હેઠળ વર્ષ દરમ્યાન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને કૉલેજની અનેકવિધ વિદ્યાર્થી વિકાસ પ્રવૃતિઓમાં સામેલ કરવામાં આવે છે, જેમાં અલ્યૂમની ઍક્સપર્ટ લેક્ચર્સનો સમાવેશ પણ થાય છે.

આ પ્રસંગે કૉલેજ દ્વારા ૩૫ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું, જેઓ કૉલેજને વિદ્યાર્થીઓના વિકાસ માટેના કાર્યમાં મદદરૂપ થઈ રહ્યા છે.

ભૂતપુર્વ વિદ્યાર્થીઓનાં સ્વાગત માટે બીબીએના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો, જેને તમામ લોકોએ ખૂબ બિરદાવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું મેનેજમેન્ટ બીબીએ કૉલેજ સાથે હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુ હતુ, જે તેમના માટે ટ્રેનીંગનો જ ઍક ભાગ બની રહ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા કૉલેજ તરફથી આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ, ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ કમિટીના હેડ ડૉ.જયેશ તન્ના તેમજ સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા જહેમત ઊઠાવવામાં આવી હતી.

# જીવન સે ભરી તેરી આંખે, મજબૂર કરે જીને કે લિયે




જીવન પૂરું થઈ જાય છતાં જીવન શું હતું એ પ્રશ્નનો જવાબ સાચો કોઈને મળતો નથી. આ જીવન ખરેખર છે શું ? એ દુનિયાનું સૌથી મોટું રહસ્ય છે. સવાર અને સાંજ એમ આ સમયનું ચક્ર ચાલતું જ રહે છે જે અવિરત છે. પરંતુ, માણસનું આયુષ્ય અવિરત નથી. જીવન માટે પ્રાથમિક જરૂરિયાતો બાદ અપેક્ષા મુજબની સવલતો અને સુખ મળ્યાનો એક નાનકડો અહેસાસ કદાચ થાય, ના થાય ત્યાં જીવનની સંધ્યા ઢળી જાય છે અને વ્યક્તિ ભૂતકાળમાં સરી જ પડે છે. અંતિમ સમય નજીક આવે ત્યારે કુદરત જ બૅલેન્સશીટ દર્શાવી દે છે ! સંબંધોના વાવેતરમાં જે ભૂલો થાય તેમાં નથી આનંદનો પાક ઊતરતો કે નથી પાકવીમો મળતો. માણસની પૂરી તાકાત મહદંશે અસ્તિત્વના સંઘર્ષમાં જ વપરાઈ જાય છે અને સંબંધ તો પછી નિભાવી લઈશું તથા પ્રેમ પણ કરી લઈશું એવા ખ્વાબમાં જીવન જળની જેમ નજર સામેથી વહી જાય છે. પાંચ વિષયની આશામાં જે રાત-દિવસ ભાગે છે તે જીવનની સાર્થકતા વિશે અજાણ રહી જાય છે. કાળ કોઈનું કદિ ઉધાર રાખતો નથી. ભગવાનની બનાવેલી દુનિયા ખરેખર તો નાણાંથી નહીં, પ્યારથી જ ચાલતી હોય છે. મોહ-માયા એ કુદરતની જ બક્ષિસ છે ! માનવીય સંબંધોની મૂડીનું મહત્ત્વ માનવી જાણતો નથી અથવાત એ માત્ર ભૌતિકવાદના ભ્રમમાં જ રાચે છે.

સંબંધ એટલે શું ? જ્યાં શબ્દો ગોઠવ્યા વિના વાત કરી શકાય, આંસુ છુપાવ્યા વગર રડી શકાય, સંકોચ રાખ્યા વગર મદદ માગી શકાય એનું નામ સાચો સંબંધ. ભૂખ તો સંબંધોને પણ લાગે છે. ક્યારેક પ્રેમ પિરસી જુઓ તો ખબર પડશે કે સંબંધ કેટલો ભૂખ્યો છે ! બીજાં સ્વજનોની આંખમાં તમને જીવનસંઘર્ષ માટેની પ્રેરણા મળતી હોય છે. જીવવું અને બીજા માટે બધું કરી છૂટવું એ બંનેમાં ભેદ છે. બીજાના સુખમાં પોતાનું સુખ છે એવું માનવું એ ખરો માનવધર્મ છે. બસ, અપેક્ષા વિના બધું થાય તો નિરાશા નહીં આવે. શહેરોની ભીડ અને ભરચક્ક વિસ્તારોમાં એકાદવાર લાકડાંની ભાંગેલી-તૂટેલી હાથરીક્ષામાં એક મજૂર જેવો માણસ વાંસળી ઉપર સુંદર ગીતોની સુરાવલી બજાવતો હોય અને બાજુમાંતી આપણે પસાર થઈએ તો મન પણ પ્રફુલ્લિત થઈ જાય, દિલ ડોલી ઊઠે. પરંતુ બીજી જ ક્ષણે લારીમાં એક નાની બાલિકા ભૂખી-તરસી, મેલીઘેલી હાલતમાં અને ઉદાસ આંખો સાથે હાથ લંબાવી ભીખ માગતી હોય એ જોયા બાદ દિલ દ્રવી ઊઠે છે. મજૂર નાનાં-મોટાં કામ કરે છે તો પેટની ભૂખ પણ સંતોષાતી નથી, નાની બાલિકા કે જે તેની પુત્રી છે, તેના માટે એ બાંસુરીવાદન કરે છે એ જાણ્યા બાદ જીવનની ઘાતકતાનો સમજુ માણસને ખ્યાલ આવી જ જાય છે. કોઈ સંવાદ વિના, ચર્ચા વિ, એક અનુભૂતિ આ દૃશ્યની થઈ જાય છે. જીવન જીવવાની એક તાકાત કોઈક મજબૂરી થકી ઊભી થઈ જતી હોય છે. અમદાવાદ સ્ટેડિયમ છ રસ્તા પાસે આ દૃશ્ય જોવા મળે છે અને કરૂણાભાવથી લોકો મદદ પણ કરે છે. દૃશ્ય જોયા પછી ચોક્કસ લાગે કે શું પ્રાપ્તિ આપણાં આર્થિક આયોજનની ? કાયદા-કાનૂન સમાજને વ્યવસ્થિત રાખવા માટેનું પગલું છે પરંતુ જે નીતિમત્તાથી, પુરુષાર્થથી જીવવા માગે છે તેને કશું નક્કર મળતું નથી. બીજા અર્થમાં સરકાર બેનંબરનું કંઈ ન થાય તેની વેતરણમાં છે અને એક નંબરનું કશું ઉપલબ્ધ નથી અથવા ઉપલબ્ધ છે તો એ સીધાસાદા, પ્રામાણિક માણસોને મળતું નથી.

ગામડાઓમાં તનતોડ મહેનત કરનાર મજૂરબાપને મદદ કરવા જતા સગીર વયના છોકરાને જ્યારે જોઈએ છીએ ત્યારે જીવનસંઘર્ષનો ખ્યાલ આવે છે. બાપ માટે જીવવા કે સંઘર્ષ કરવાનો સ્ત્રોત તેના બાળકનો આશાભર્યો ચહેરો જ હોય છે. લઘુતમ વેતન અને કામની ઘણી યોજનાઓમાં કરોડો જતા રહે છે પરંતુ પૈસા ક્યાં પગ કરી જાય છે એ દેશની સુપ્રિમ કૉર્ટની પણ મુંઝવણ છે. રસહિન થઈ ધરા કે દયાહિન થયો નૃપ ? એ સમાજને સમજાતું નથી. ખુદને બૂલંદ કરવાની ચેષ્ટા નથી પણ બીજા માટે શોષિત થવાની મજબૂરી ભારતમાં બેહદ વધી છે એ નોંધ કરવી પડે.

માનવીનું માનવ હોવાનું ગૌરવ જ મરી જાય પછી ઈન્સાનિયત કઈ રીતે જીવિત રહી શકે ?

શિસ્ત, સુદૃઢ વ્યવસ્થાપન, સંચાલન, અવલોકન, આકલન - બધાંનો નિષ્કર્ષ જો હતાશા, નિરાશા જ હોય તો અર્થ એ છે કે આપણે સફળતાથી દૂર છીએ.

**શેર આસ્વાદ**

પૂરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા,
મજરી મુજબની થોડી મજા હોવી જોઈએ

(મરીઝ)



# કેડિલાના પંકજ પટેલને 'ગુજરાત રત્ન' ઍવોર્ડ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત ઈનોવેશન સોસાયટીએ કેડિલા હેલ્થકેર લિમિટેડ (ઝાયડસ ગૃપ)ના ચૅરમૅન અને મૅનેજિંગ ડિરેક્ટર પંકજ પટેલને ભારતીય ફાર્માસ્યુટિકલ, હેલ્થકેર અને એજ્યુકેશન ક્ષેત્રમાં તેમના પ્રદાન બદલ ગુજરાત રત્ન ઍવોર્ડ એનાયત કર્યો છે. સંશોધકો, નવીનતા તથા ઉદ્યોગ, વ્યવસાયોમાં નવીન કાર્યશૈલી લાવવા માટે કામ કરતી પ્રતિષ્ઠિત સંસ્થા જીઆઈઍસએ દ્વારા તાજેતરમાં તેના સાતમા સ્થાપના દિવસ નિમિત્તે છઠ્ઠા ઈનોવેશન ઍવોર્ડના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઈસરોના ચૅરમૅન એ એસ કિરણકુમાર, રાજ્યના રાજ્યકક્ષાના ઉદ્યોગ, ખાણ અને નાણાં મંત્રી રોહિતભાઈ પટેલ તથા ટ્રસ્ટ ઑફ રિટેલર્સ ઍન્ડ રિટેલ ઍસોસિએટ્સ ઑફ ઈન્ડિયાના સ્થાપક બી ઍસ નાગેશ ઉપસ્થિત રહ્યા હતા.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**